



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૨૧, શુક્રવાર; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# કોરોનાનો ટેસ્ટ હવે ઘરે જ થઈ શકશે

**કોરોનાનું ઘરમાં ટેસ્ટિંગ થઈ શકે એવી કિટને ICMRની મંજૂરી : આઈસીએમઆર ઉપરાંત ડીસીજીઆઈએ પણ હોમ બેઝ્ડ ટેસ્ટિંગ કિટના માર્કેટમાં વેચાણને મંજૂરી આપી દીધી**




નવી દિલ્હી, તા. ૨૦

કોરોના મહામારી વચ્ચે હવે તમે ઘરે રહીને જાતે જ કોવિડ-૧૯ ટેસ્ટ કરી શકશો. આઈસીએમઆરએ કોવિડ માટે હોમ બેઝ્ડ ટેસ્ટિંગ કિટને મંજૂરી આપી દીધી છે. આ એક હોમ રેપિડ એન્ટીજન ટેસ્ટિંગ કિટ છે. તેનો ઉપયોગ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા કે પછી સંક્રમિતના સંપર્કમાં આવેલા લોકો કરી શકે છે.

હોમ બેઝ્ડ ટેસ્ટિંગ કિટના વધુ પરીક્ષણની સલાહ નથી આપવામાં આવી. આઈસીએમઆર ઉપરાંત ડીસીજીઆઈએ પણ હોમ બેઝ્ડ ટેસ્ટિંગ કિટના માર્કેટમાં વેચાણને મંજૂરી આપી દીધી છે. જો કે, આ ટેસ્ટિંગ કિટ તરત જ માર્કેટમાં ઉપલબ્ધ નહીં થઈ જાય, વ્યાપક રૂપે ઉપલબ્ધ થવામાં તેને થોડો સમય લાગશે. આઈસીએમઆર દ્વારા કોવિડની હોમ બેઝ્ડ ટેસ્ટિંગ કિટને મંજૂરી અપાયા બાદ હવે કોરોનાની તપાસ કરવી ખૂબ સરળ બનશે. હાલ ભારતમાં ફક્ત એક જ કંપનીને આની મંજૂરી આપવામાં આવી છે જેનું નામ માયલેબ ડિસ્કવરી સોલ્યુશન્સ લિમિટેડ છે.

હોમ ટેસ્ટિંગ મોબાઈલ એપ ગૂગલ પ્લે સ્ટોર અને એપલ સ્ટોરમાં ઉપલબ્ધ છે જેને તમામ યુઝર્સ ડાઉનલોડ કરી શકે છે. મોબાઈલ એપ ટેસ્ટિંગ પ્રક્રિયાનું એક વ્યાપક માર્ગદર્શક છે જે પોઝિટિવ કે નેગેટિવ રિઝલ્ટ પ્રદાન કરશે. આ એપનું નામ માયલેબ કોવિસેલ્ફ છે.

ઉલ્લેખનીય છે કે, હાલ કોરોના માટે એન્ટીજન અને આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. એન્ટીજનનો રિપોર્ટ તરત મળી જાય છે.

## જુલાઈ સુધીમાં કોરોનાની બીજી લહેર ખતમ થવાની સંભાવના

**કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના ત્રણ સભ્યોની પેનલનું અનુમાન**

નવી દિલ્હી, તા. ૨૦

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણની બીજી લહેર જુલાઈ સુધીમાં ખતમ થાય તેવી શક્યતા હોવાનુ કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના ત્રણ સભ્યોની પેનલનુ કહેવુ છે.



એક મીડિયા રિપોર્ટમાં આ પેનલના હવાલાથી કહેવામાં આવ્યુ છે કે, મેના અંત સુધીમાં કોરોનાના રોજના કેસ ઘટીને ૧.૫૦ લાખ અને જુનના અંત સુધીમાં ૨૦૦૦૦ સુધી પહોંચી જશે. આ પેનલમાં સભ્ય અને આઈઆઈટીના પ્રોફેસર મિનિંદર અગ્રવાલે કહ્યુ તહુ કે, મહારાષ્ટ્ર, યુપી, કર્ણાટક, એમપી, ઝારખંડ, રાજસ્થાન, કેરલ, ઉત્તરાખંડ, ગુજરાત, હરિયાણા, દિલ્હી અને ગોવા જેવા રાજ્યોમાં બીજી લહેરનુ પીક ખતમ થઈ ચુકયુ છે.

વૈજ્ઞાનિકોએ જે મોડેલ અપનાવ્યુ છે તે પ્રમાણે જોવામાં આવે તો તામિલનાડુમાં હજી પીક આવવાનુ બાકી છે. જે મે મહિનાના અંત સુધીમાં જોવા મળશે.રિપોર્ટ પ્રમાણે પૂર્વ ભારત અને ઉત્તરપૂર્વ ભારત પૈકી આસામમાં ૨૦ થી ૨૧ મે, મેઘાલયમાં ૩૦ મે, ત્રિપુરામાં ૨૬ થી ૨૭ મે વચ્ચે પીક આવી શકે છે. હિમાચલ પ્રદેશમાં ૨૪ અને પંજાબમાં ૨૨ મેના રોજ પીક દેખાઈ શકે છે.

આ મોડેલના અનુમાન પ્રમાણે ભારતમાં ૬ થી ૮ મહિનામાં કોરોનાની ત્રીજી લહેર જોવા મળી શકે છે. જેના પ્રભાવને ઓછો કરી શકાશે. કારણકે ત્યાં સુધીમાં વેકસીન મુકાઈ હોય તેવા લોકોની સંખ્યા ઓછી થશે.ઓક્ટોબર ૨૦૨૧ સુધી સંક્રમણની ત્રીજી લહેર જોકે નહીં આવે.

આ પેનલે જોકે જે મોડેલનો ઉપયોગ કર્યો છે તેણે કોરોનાની બીજી લહેર ક્યારે આવશે તેની ચોક્કસ આગાહી કરી નહોતી. જે બદલ તેની ટીકા પણ થઈ હતી. આ મોડેલનો ઉપયોગ કરીને પેનલે એપ્રિલમાં રોજના એક લાખ કેસ સામે આવશે તેમ કહ્યુ હતુ. આ અનુમાન પણ ખોટુ પડ્યુ હતુ અને દર્દીઓની સંખ્યા વધારે રહી હતી.

## બ્લેક કરતા વ્હાઈટ ફંગસ વધુ ઘાતક

**દેશમાં કોરોના-મ્યુકોરમાઈકોસિસ બાદ હવે નવા રોગ : ૪ કેસ મળ્યા : આ ફંગસ માણસની ચામડી, નખ, મોઢાની અંદરના ભાગ, આંતરડા, કિડની અને દિમાગ ઉપર ખરાબ અસર કરે છે**

પટણા, તા. ૨૦

દેશમાં કોરોનાના હાહાકારની વચ્ચે હવે બ્લેક ફંગસ એટલે કે મ્યુકરમાઈકોસિસના કેસ સામે આવી રહ્યા હોવાથી સરકારો અને ડોકટરો ચિંતિતિ છે.

હવે બિહારની રાજધાની પટણામાં વ્હાઈટ ફંગસના ચાર દર્દીઓ મળ્યા બાદ સરકાર ચિંતામાં છે. એવુ કહેવાઈ રહ્યુ છે કે, વ્હાઈટ ફંગસ એ બ્લેક ફંગસ કરતા પણ વધારે ઘાતક છે અને ફેફસામાં સંક્રમણ ફેલાવાનુ મુખ્ય કારણ છે. સાથે સાથે આ ફંગસ માણસની ચામડી, નખ,મોઢાની અંદરના ભાગ, આંતરડા, કિડની અને દિમાગ પર પણ ખરાબ અસર પાડે છે.

જાણકારી પ્રમાણે પટણા મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના હેડ ડો.એસ એન સિંહાએ ચાર દર્દીઓ સામે આવ્યા હોવાની જાણકારી આપતા કહ્યુ હતુ કે, આવા દર્દીઓના કોરોના ટેસ્ટ નેગેટિવ આવતા હોય છે. જો સીટી સ્કેનમાં કોરોના જેવા લક્ષણ દેખાય અને દર્દીના કફનો કલ્ચર રિપોર્ટ કરાવવામાં આવે તો આ ફંગસની જાણકારી મળતી હોય છે.

ઓક્સિજન સપોર્ટ પર રહેલા દર્દીઓ વ્હાઈટ ફંગસની ચપેટમાં આવી શકે છે. જે તેમના ફેફસાને સંક્રમિત કરી શકે છે અને આ ફંગસના કારણે રોગ પ્રતિકારક શક્તિ પણ ઓછી થઈ જાય છે. આ સિવાય ડાયાબિટિસ હોવાના કારણે અથવા તો લાંબા સમયથી સ્ટેરોઈડ લેતા હોય તેવા દર્દીઓને પણ ફંગસ લાગી શકે છે.

બાળકોને અને કેન્સરના દર્દીઓને પણ વ્હાઈટ ફંગસનો રોગ લાગી શકે છે. ડોકટરોના મતે ઓક્સિજન કે વેન્ટિલેટર પર હોય તેવા દર્દીઓના ઉપકરણ ખાસ કરીને ટ્યુબ કિટાણુ મુક્ત હોવી જોઈએ. ઓક્સિજન સિલિન્ડરનો ઉપયોગ સ્ટરિલાઈઝ વોટર વડે કરવો જોઈએ.

## દેશમાં બેકારીનો દર ૧૬ મેના રોજ વધી ૧૪.૫%એ પહોંચ્યો

નવી દિલ્હી

દેશમાં આ વર્ષે ૧૬ મેના રોજ પૂરા થતાં સપ્તાહમાં બેકારીનો દર વધીને ૧૪.૫ ટકા થયો છે. એપ્રિલમાં તે ૮ ટકા હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીએ આ માહિતી આપી છે

ગયા વર્ષે એપ્રિલ અને મે મહિનામાં બેકારીનો દર ૨૩ ટકાથી ઉપર હતો. ગયા વર્ષે માર્ચમાં સરકારે કોરોના વાયરસનાં ફેલાવાને રોકવા માટે લોકડાઉન લગાવી દીધું હતું. આનાથી આર્થિક પ્રવૃત્તિઓ અટકી ગઈ હતી. ઘણા મહિના પછી, સરકારે ધીરે ધીરે આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની મંજૂરી આપવાનું શરૂ કર્યું.

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ) એ તેના સાપ્તાહિક વિશ્લેષણમાં જણાવ્યું કે, "આ વર્ષે એપ્રિલમાં બેરોજગારીમાં વધારો થયો છે. કન્ઝ્યુમર સેન્ટિમેન્ટમાં પણ ઘટાડો આવ્યો છે. મે મહિનામાં બેરોજગારીનો દર ૧૦ ટકાથી વધુ રહે તેવું અનુમાન છે." " નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં સરેરાશ બેરોજગારી દર ૮.૮ ટકા હતો.

સીએમઆઈઈનાં આંકડા બતાવે છે કે કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ સતત પાંચમા અઠવાડિયામાં ૧.૫ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. માર્ચના છેલ્લા અઠવાડિયાથી ઈન્ડેક્સમાં ૯.૧ ટકાનો ઘટાડો થયો છે.

## ફલાઈંગ શીખ મિલ્ખાસિંહ પણ કોરોનાથી સંક્રમિત

ચંદીગઢ, તા. ૨૦

ફલાઈંગ શીખના નામથી જાણીતા એથ્લેટ મિલ્ખા સિંહ પણ કોરોનાથી સંક્રમિત થતા તેમના ચાહકો અને પરિવારજનોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

મિલ્ખા સિંહે ગયા વર્ષે જ પોતાનો ૯૧મો જન્મ દિવસ ઉજવ્યો હતો.તેમને ગઈકાલે રાતે ૧૦૧ ડિગ્રી તાવ હતો.તેમનો ટેસ્ટ કરાવ્યા બાદ તેમને કોરોના થયો હોવાનુ બહાર આવ્યુ છે.હાલમાં તેઓ ઘરે જ ક્વોરેન્ટાઈન છે.મિલ્ખા સિંહની સાથે તેમના પરિવારના બીજા સભ્યોનો પણ ટેસ્ટ કરાવાયો છે.જેમાં તેમના બે નોકર પણ સંક્રમિત થયા હોવાનુ જાણવા મળ્યુ છે.જોકે તેમના પત્ની તથા પૌત્રનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

મિલ્ખા સિંહ પણ ચંદીગઢમાં રહે છે.જ્યાં હવે કોરોનાના કેસ ધીરે ધીરે ઓછા થઈ રહ્યા છે. કોરોનાના કેસમાં અહીંયા છેલ્લા ૧૦ દિવસમાં પચાસ ટકાનો ઘટાડો થયો છે.૨૪ કલાકમાં અહીંયા ૪૧૪ કેસ સામે આવ્યા છે.

## મ્યુકોરમાઈકોસિસને મહામારી જાહેર કરવા કેન્દ્રએ રાજ્ય સરકારોને તાકીદ કરી

નવી દિલ્હી, તા. ૨૦

કોરોના બાદ હવે મ્યુકોરમાઈકોસિસના કેસમાં નોંધપાત્ર વધારો થતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્ય સરકારોને 'બ્લેક ફંગસ' (મ્યુકોરમાઈકોસિસ)ને મહામારી તરીકે જાહેર કરવા માટેની તાકીદ કરી છે. આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલે રાજ્યોને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, તમામ સરકારી અને ખાનગી આરોગ્ય સુવિધાઓ અને મેડિકલ કોલેજોએ મ્યુકોરમાઈકોસિસના સ્ક્રિનિંગ, નિદાન અને સંચાલન માટેની માર્ગદર્શિકાઓનું પાલન કરવું પડશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા પત્રમાં તમામ સરકારી અને ખાનગી આરોગ્ય સુવિધાઓ માટે તમામ શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની આરોગ્ય વિભાગ તથા સર્વેલન્સ સિસ્ટમને જાણ કરવા ફરજિયાત બનાવવા માટે જણાવ્યું છે.

પત્રમાં જણાવાયું છે કે, આ ફંગલ ઈન્ફેક્શનની સારવારમાં આંખના સર્જનો, ઈએનટી નિષ્ણાતો, જનરલ સર્જન, ન્યુરોસર્જન, ડેન્ટલ મેક્સિલોફેસિયલ સર્જન વગેરે અને એમ્ફોટેરીસીન બીની સંસ્થાને એન્ટિફંગલ દવા તરીકે સમાવવામાં આવતા મલ્ટિડિસિપ્લિનરી અભિગમની જરૂર છે.


॥ ટેલીફોનીક બેસણું ॥



અમારા પૂજ્ય પિતાશ્રી
ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ
તા.૨૦-૦૫-૨૦૨૧, ગુરૂવારના રોજ દેવલોક પામેલછે. પ્રભુને ગમ્યુ તે ખરૂ...

બેસણું (સુવાણાં)
તા.૨૧-૫-૨૦૨૧, શુક્રવાર સવારે ૯ થી ૧.૩૦ કલાકે રાખેલ છે.
રિતરિવાજ મુજબ પાણીઢોળ રાખેલ છે.
તા.૨૮-૫-૨૦૨૧ શુક્રવારના રોજ રાખેલ છે.

સરનામું : ભરવાડવાસ, નવી પાણીની ટાંકીની બાજુમાં, ગામ : ભાટ, તા.જિ.ગાંધીનગર. મો.૯૯૦૪૩૮૨૦૮૭, ૯૩૭૬૧૬૧૩૬૪, ૯૪૨૬૨૪૧૩૬૪

સ્વ. ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ (પૂર્વ પ્રમુખ, ગાંધીનગર તાલુકા પંચાયત)
કનુભાઈ દેવાભાઈ ભરવાડ (ભાઈ)
ભલાભાઈ દેવાભાઈ ભરવાડ (ભાઈ)
ગીરીશભાઈ ગોવિંદભાઈ ભરવાડ (પુત્ર)
અરવિંદભાઈ કાળુભાઈ ભરવાડ (ભત્રીજા)
પ્રકાશભાઈ કાળુભાઈ ભરવાડ (ભત્રીજા)
અમરતભાઈ કાળુભાઈ ભરવાડ (ભત્રીજા)
રવિભાઈ લાલાભાઈ ભરવાડ (ભત્રીજા)
મયુરભાઈ લીલાભાઈ ભરવાડ (ભત્રીજા)
માહીરભાઈ અશોકભાઈ ભરવાડ (પૌત્ર)

પ્રથમ માસિક શ્રધ્ધાંજિલ



શ્રી પ્રવિણભાઈ જે.સોલંકી
(સ્વ.તા.૨૨/૪/૨૦૨૧)
માજી મહામંત્રી, ગુ.રા.સ.વર્ગ-૪ કર્મચારી મહામંડળ (રા.ક.) ગાંધીનગર.

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

પ્રમુખ
શ્રી કચરાભાઈ એમ. પ્રણામી
સા.કાં.જિલ્લા યુનિટ, હિંમતનગર
મો.૯૯૯૮૪૩૯૧૦૫

પ્રમુખ
શ્રી જીતુભાઈ એ. મહેતા
રાજકોટ જિલ્લા યુનિટ, રાજકોટ
મો.૯૮૯૮૫૭૩૦૭૨

અરવલ્લી જિલ્લા પ્રમુખશ્રી | મહેસાણા જિલ્લા પ્રમુખશ્રી | અમદાવાદ જિલ્લા પ્રમુખશ્રી
ભાવનગર જિલ્લા પ્રમુખશ્રી | પાટણ જિલ્લા પ્રમુખશ્રી | જુનાગઢ જિલ્લા પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા પ્રમુખશ્રી | બોટાદ જિલ્લા પ્રમુખશ્રી | સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખશ્રી
પાલનપુર જિલ્લા પ્રમુખશ્રી | પોરબંદર જિલ્લા પ્રમુખશ્રી | મોરબી જિલ્લા પ્રમુખશ્રી

શ્રદ્ધાંજલિ



ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.ના
વરિષ્ઠ ડિરેક્ટર
શ્રી નરેન્દ્રભાઈ મૂળજીભાઈ શાહની
અણધારી ચીરવિદાય સમગ્ર બેંક પરિવાર માટે આઘાત સાથે દુઃખદ છે.
અણધારી આવી પડેલી આ દુઃખદ ઘડીએ તેઓના પરિવારને
પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે તથા
સદ્‌ગત દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના...

લિ.

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.

પ્રવિણકુમાર ડી. પટેલ, વાઈસ ચેરમેન, મો. ૯૩૨૮૮ ૩૨૭૨૭, ૯૯૦૯૯ ૮૮૧૦૯
વિક્રમ કે. પટેલ, ચેરમેન, મો. ૯૪૨૬૧ ૭૧૩૯૪, ૯૫૮૬૮ ૩૭૭૭૩
વિપુલ આર. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર, મો. ૯૮૨૫૦ ૦૫૯૫૫

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ, મો. ૯૮૨૫૦ ૦૮૨૧૧
અશોકભાઈ આર. પટેલ, મો. ૯૮૨૫૦ ૧૩૭૨૭
ઘનશ્યામભાઈ કે. પટેલ, મો. ૮૫૧૧૧ ૮૭૮૫૧
જયંતિભાઈ એમ. પટેલ, મો. ૯૮૨૪૦ ૬૦૦૧૦
ચંદ્રકાંતભાઈ સી. પટેલ, મો. ૯૭૧૪૪ ૬૦૦૨૦
મનુભાઈ બી. પટેલ, મો. ૯૪૨૬૩ ૫૯૫૧૪
લાલસિંહ કે. વાઘેલા, મો. ૯૪૨૬૦ ૧૦૮૫૧
ડો. હિમાંશુભાઈ વી. પટેલ, મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧
વિષ્ણુભાઈ આઈ. પટેલ, મો. ૯૮૭૯૫ ૬૧૧૧૧

બીપીનભાઈ વી. પટેલ (કો.ઓ. ડિરેક્ટર) । જનરલ મેનેજર - દિપક એચ. શાહ તથા બેંક પરિવાર

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪-૧/૨, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન નં. ૨૩૨ ૪૭૨૧૫/૧૬, ૨૧૯૮૫ ● વોટ્સએપ નં. ૯૭૨૭૭ ૩૩૧૦૦, વેબસાઈટ - www.gncb.co.in